


# અખાત્રીજ(અક્ષયતૃતીયા)

ભારતવર્ષ સંસ્કૃતિ પ્રધાન દેશ છે. ભારતની કાલગણા પ્રમાણે ચાર સિધ અભિજીત મુહૂર્ત છે. ચૈત્ર શુકલ પ્રતિપદા,અખાત્રીજ(અક્ષય તૃતીયા), દશેરા અને દીવાળી.વૈશાખ માસની શુકલ પક્ષની ત્રીજને અક્ષય તૃતીયા અથવા અખાત્રીજ કહે છે.

## અક્ષય નો અર્થ

અક્ષયનો અર્થ છે જેનો કોઈ નાશ નથી અથવા જે સ્થિર છે. સ્થિર એ રહી શકે જે સત્ય છે. સત્ય કેવળ પરમાત્મા છે જે અક્ષય,અખંડ અને સર્વત્ર છે. આ અક્ષય તિથિ પરશુરામજીનો જન્મદિવસ હોવાથી પરશુરામ તિથિ પણ કહે છે અને પરશુરામજીની ગણતરી ચિરંજીવ મહાત્માઓમાં થાય છે. ચાર યુગમાં (સતયુગ,ત્રેતાયુગ, દ્વાપરયુગ અનેક લિયુગ) આ અખાત્રીજની શરુઆત ત્રેતાયુગના આરંભથી થઈ છે.

# અક્ષયતૃતીયાનું મહત્ત્વ

દરેક કાર્યોને પૂર્ણ કરવા માટે આ વ્રત વૈશાખ માસની શુકલ પક્ષની તૃતીયા તિથિમાં કરવામાં આવે છે. જો તે વખતે કૃત્તિકા નક્ષત્ર હોય તો વિશેષ પૂજય કહેવામાં આવે છે.

વૈશાખ શુકલ પક્ષની તૃતીયાએ કરેલું અન્ન-જલદાન,સ્નાન,હોમ,જપ-તપ તેનું ફળ અનંત હોય છે. તે દિવસે કરેલું દાન જપ અક્ષય થાય છે.

<u>અક્ષય કથા</u>

કૃષ્ણ ભગવાને કહ્યું:- પૂર્વકાળમાં એક નિર્ધન અને સત્યવાદી શ્રધાળુ વૈશ્ય રહેતો હતો.તેનો પરીવાર ખુબ જ

મોટા હોવાથી તે કાયમ ચિંતામાં રહેતો. એમણે વૈશાખ શુકલ અક્ષય તૃતીયા વ્રતનું માહાત્મય સાંભળયુ. આ વ્રતમાં દાન,જપ,હવન અને સ્નાનનું મહત્ત્વ છે. આ વાત સાંભળી એ વૈશ્ય ગંગાજીના કિનારે ગયા અને ત્યાં જઈને પિતૃ અને દેવોનું પૂજન કર્યું.ઘરે જઇને બ્રાહ્મણોને દાન કર્યું.પત્નીએ ના કહેવા છતાં પણ ધર્મમાં પીછે હઠ કરી નહી. તેથી હે રાજન! સમય અનુસાર એ વૈશ્યને બીજા જન્મમાંક્ષત્રિયના ઘરે જન્મ થયો.એના પહેલા દિવસના દાનના પ્રભાવથી તે ખૂબ ધનવાન થયો.

પરંતુ ધનવાન થયો હોવા છતાં તેની બુધ્ધિ ધર્મવિરૂધ્ધ થઈ નહી, તે તો વધારે ધાર્મિક થયો. આ બધો અક્ષય તૃતીયાના પુણ્યનોપ્રભાવ છે.

<u>અભિજિત મુહુર્ત</u>

અખાત્રીજના દિવસે કોઈ બીજા મુહૂર્ત જોવામાં આવતુ નથી. તે દિવસ અભિજિત મુહૂર્તહોય છે. તે દિવસે વિવાહ તથા દરેક કાર્યથઈ શકે છે.

અખાત્રીજના દિવસે વિષ્ણુ અને લક્ષ્મીનું મહત્વ વિશેષ છે.ધન અને ધાન્યની પ્રાપ્તિ કરવા માટે આ મંત્રની સાધના કરવાથી દરેક કામની પ્રાપ્તિ થાય છે.તે દિવસે આ

મંત્રની પાંચ માળા કરવાથી ધનની પ્રાપ્તિ થાય છે.

## મંત્ર

ાારીમ એ વર્ય શ્રો
ધનધાન્યાધિપત્યૈ ઐ
પૂ ર્ણ ત્વ અક્ષયલક્ષ્મો દે હિ મે
નમઃાા